# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા એપ્રિલ–2011

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન નેચરોપેથી **(CIN)**

નોંધણી નંબર :________________

**પાઠ્યક્રમ** : નિર્સગોપચારના સિદ્ધાંતો **CIN-01**

**તારીખ** : **20-04-2011**

**સમય** : **11.00 to 2.00**

**સૂચના** : બધા જ પ્રશ્નોના જવાબ આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (કોઈ પણ ચાર)** (16)

(1) પ્રાકૃતિક ચિકિત્સાનો ઈતિહાસ ટૂંકમાં વર્ણવી, કુદરતી ઉપચારક બનવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવો.

(2) રોગની એકતા તથા ઉપચારમાં સામ્યતા જણાવી આહાર એક અગત્યનું ઔષધ છે. સમજાવો.

(3) પંચમહાભૂતનું બાહ્યજગત તથા શરીરમાં મહત્ત્વ સ્પષ્ટ કરો.

(4) આધુનિક જમાનામાં નિસર્ગોપચારના પ્રચાર પ્રસાર માટે આપ શું કરશો ?

(5) નૈસર્ગોપચારના સિધ્ધાંતો જણાવી કોઈપણ ત્રણ સિધ્ધાંતોની ચર્ચા કરો.

પ્રશ્નઃ–2 **ટૂંકનોંધ લખો. (કોઈ પણ ચાર)** (12)

(1) ઉપવાસ એટલે શું ? ચિકિત્સામાં તેનું મહત્ત્વ સમજાવો.

(2) વિષસંચય એટલે શું ? શરીર જ્યારે વિષદ્રવ્યોનો નિકાલ કરે ત્યારે કયા લક્ષણો જોવા મળે છે ?

(3) પંચમહાભૂતનાં નામ જણાવી અવકાશ મહાભૂતની ચર્ચા કરો.

(4) કુદરતી ઉપચાર શા માટે કરવો જોઈએ. ચર્ચા કરો.

(5) કુદરતી સ્વાસ્થ્ય વિજ્ઞાન જીવાણુને રોગોની ઉત્પત્તિનું કારણ માનતું નથી.

(6) સ્વાસ્થ્ય શિક્ષણ વિશે માહિતી આપો.

પ્રશ્નઃ–3 **ટૂંકમાં જવાબ આપો. (ગમે તે દસ)** (12)

(1) નિસર્ગોપચારમાં કઈ–કઈ ઉપચાર પધ્ધતિનો સમાવેશ કરી શકાય.

(2) માનવ શરીરમાં અગ્નિ તત્ત્વનું પ્રમાણ ઘટે તો શું થાય ?

(3) કુદરતી ઉપચાર પધ્ધતિનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

(4) કુદરતી ઉપચાર પધ્ધતિને વેગ કયારે થયો તથા તેના પ્રણેતા કોણ છે ?

(5) રોગની ઉત્પત્તિનું પ્રાથમિક કારણ કયું છે ?

(6) ઉપવાસ એટલે શું ?

(7) શરીરમાં વિષ સંચયથી થતા ગેરફાયદા જણાવો.

(8) સૂર્ય પ્રકાશમાંથી કયું વિટામીન મળે છે ? તેની અગત્યતા જણાવો.

(9) વાયુતત્ત્વની સકારાત્મક ઊર્જાથી વ્યકિતમાં શું પરિણામ આવે છે ?

(10) વ્યકિતએ પૃથ્વીનાં ઈલેકટ્રો મેગ્નેટિક ફોર્સનો પૂરતો ફાયદો મેળવવા શું કરવું જોઈએ.

(11) એન્ટિબાયોટિક દવા લેવી તે અર્થહીન અને ભૂલ ભરેલું છે.

(12) વેદ અનુસાર જળતત્ત્વનું મહત્ત્વ સમજાવો.

www.StudyGuideIndia.com

**પ્રશ્નઃ–4 ખાલી જગ્યા પૂરો.** (10)

(1) ____________અને ____________આંરડાને લગતી બીમારી છે.
(2) શાકભાજી અને ફળોને વધુ પડતાં ધોવામાં આવે તો __________નાશ પામે છે.
(3) શારીરિક સ્વસ્થતાની સાથે ___________સ્વસ્થતા આપવી એ નિસર્ગોપચારનો ઉદ્દેશ છે.
(4) દર્દીના સહયોગ વિના કોઈપણ ચિકિત્સક __________માંથી મુકિત ન જ અપાવી શકે.
(5) વાયુ__________નું પ્રતીક છે.
(6) કિડનીનાં સોજાને __________ કહે છે.
(7) વિટામીન ડી _________માંથી મળે છે.
(8) વાયુ ઊંચાઈ પર જવાથી _________થાય છે.
(9) ભૂકંપ એ ________મહાભૂતના અસંતુલનથી થતી કુદરતી આફત છે.
(10) આપણા દેશના મહાન સ્વાતંત્ર્ય સેનાની __________એ કુદરતી ઉપચાર પર ભાર મૂકયો હતો.

**પ્રશ્નઃ–5 એક વાકયમાં જવાબ આપો.** (10)

(1) ઉપવાસ કરતી વખતે દર્દીની કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ ?
(2) મનુષ્યે માથુ અને પગ કઈ દિશામાં રાખવા જોઈએ ?
(3) સંતુલિત આહાર એટલે શું ?
(4) તીવ્ર રોગોનાં બે નામ જણાવો.
(5) આધુનિક જીવન માટે જરૂરી ઈલેકટ્રીક શકિત કયા તત્ત્વ દ્વારા મેળવી શકાય છે ?
(6) સજીવ શરીરમાં જોવા મળતાં રોગના બે પ્રકાર જણાવો.
(7) મહાભૂતોના પ્રકારો કેટલા છે ?
(8) અવકાશ એટલે આત્મતત્ત્વ વિધાન સાચું કે ખોટું
(9) ઔષધ એ આહાર છે. વિધાન સાચુ કે ખોટું
(10) શાકભાજી તથા ફળોને પાણીથી ધોવાથી શું થાય ?

**પ્રશ્નઃ–6 જોડકાં જોડો.** (10)

| | અ | બ |
|---|---|---|
| 1. | કબજિયાત | વાયુ પાતળો થઈ જાય છે |
| 2. | વમનનો અર્થ | સગર્ભા સ્ત્રીઓને પેટ પર ન કરાય |
| 3. | ઊંચાઈવાળા વિસ્તારમાં | ખાલી પેટે કરવું જોઈએ. |
| 4. | એક્યુપ્રેશર પધ્ધતિ | પાણીનો ઉપયોગ થાય છે. |
| 5. | લોહચુંબક પધ્ધતિ | આંખની નબળાઈ દૂર કરવા અકસીર |
| 6. | માલિશ | મૂત્રપિંડનાં રોગો થાય છે. |
| 7. | માંસાહારથી | દરરોજનું ૧ થી ૧.૫ પાઉન્ડ વજન ઘટે છે. |
| 8. | માટી ઉપચાર | ઉલટી કરવી એમ થાય છે. |
| 9. | કટિ સ્નાન | એનિમા |
| 10. | ઉપવાસ પધ્ધતિથી | મેરિડિયન સારવાર |

www.StudyGuideIndia.com

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન નેચરોપેથી **(CIN)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : નૈસર્ગોપચાર દ્વારા ચિકિત્સા **(CIN-02)**
**તારીખ** : **20/04/2011**
**સમય** : **03.00 to 06.00**
**સૂચના** : બધાજ પ્રશ્નોના જવાબ ફરજિયત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 એનિમા આપવાની કાર્યપદ્ધતિ વર્ણવો. (14)

**અથવા**

સૂર્યસ્નાન વિષે ઋતુ અનુસાર સમયપત્રક આપો.

પ્રશ્નઃ–2 ઉપવાસ એટલે શું ? કેટલા પ્રકારના ઉપવાસ હોય છે ? (14)

**અથવા**

ભૂખ ઓછી લાગે તો કયું તત્ત્વ મંદ હોય છે તેની વિસ્તૃત ચર્ચા કરો, કારણ જણાવો.

પ્રશ્નઃ–3 પ્રોટીનને આહારમાં મેળવવા માટે શું શું વાપરશો. (14)

**અથવા**

કાર્બોહાઈડ્રેડ આહાર શેમાંથી મેળવાય છે ? તેના લાભો દર્શાવો.

પ્રશ્નઃ–4 એકયુપ્રેશરની પદ્ધતિ અકસીર છે ? તમારું મંતવ્ય વિસ્તારથી આપો. (14)

**અથવા**

માલિશના પ્રકાર દર્શાવો અને વિવિધ રોગમાં માલિશ ક્રિયાના લાભ સમજાવો.

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે **બે**) (14)

(1) માલિશમાં શ્રેષ્ઠ પ્રવાહી કયું ?

(2) એકયુંપંકચર પદ્ધતિની છણાવટ કરો.

(3) વરાળ સ્નાન એ સ્નાન છે ?

---

www.StudyGuideIndia.com

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન નેચરોપેથી **(CIN)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : શરીર વિજ્ઞાન અને માનસિક સ્વાસ્થ્ય **(CIN-03)**
**તારીખ** : **23/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : બધાજ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 વિસ્તૃત જવાબો આપો. (ગમે તે **ત્રણ**) (15)

1) મૂત્રપિંડ(કિડની)નું કાર્ય જણાવો. રોગગ્રસ્ત કિડનીના કારણો થતા લક્ષણો ઉપચાર જણાવો.
2) પાચનતંત્ર વિષે જણાવો. દરેક અવયવના રચના–કાર્ય સમજાવો.
3) ફેફસાંની આકૃતિ રચના–કાર્ય જણાવો.
4) પ્રજનનતંત્રમાં કયાં અવયવ આવેલા છે ? દરેક અવયવો વિષે વર્ણવો.
5) રૂધિરાભિષણતંત્ર વિષે વિસ્તૃત વર્ણન કરો.

પ્રશ્નઃ–2 ટૂંકનોંધ (ગમે તે **ચાર**) (10)

1) કરોડસ્તંભ અને કરોડરજ્જુની માહિતી.
2) ચેતાતંત્રના કાર્યો.
3) હૃદયની રચના સમજાવો.
4) લિવરનું સ્થાન, વજન, આકાર અને કાર્ય જણાવો.
5) કરોડરજ્જુ સમજાવો.
6) સ્વાદુપિંડનું કાર્ય વિસ્તૃત સમજાવો.

પ્રશ્નઃ–3 ટૂંકમાં જવાબ આપો. (ગમે તે **દસ**) (15)

1) નાના આંતરડાના કાર્યો જણાવો.
2) મૂત્રાશયના કાર્યો જણાવો.
3) સ્ત્રી અને પુરુષના જાતીય અંતઃસ્ત્રાવના નામ લખો.
4) ગર્ભાશય વિશે માહિતી આપો.
5) હૃદયમાં આવેલા વાલ્વ વિશે જણાવો.
6) લાળગ્રંથિ અને લાળરસ વિશે જણાવો.
7) સ્નાયુઓના મુખ્ય પ્રકાર જણાવો.
8) શ્વસનતંત્રના અવયવો જણાવો.
9) દાંતની રચના અને કાર્ય જણાવો.
10) ફેલોપિયન ટયૂબ શું છે ?
11) મોઢામાંથી પાચન માટે કયો રસ ઝરે છે ?
12) પ્રોસ્ટેટ શું છે ? કયાં આવેલ હોય છે ?

પ્રશ્નઃ–4 ખાલી જગ્યાઓ પૂરો. (15)

1) શરીરમાં આવેલા હાડકાની સંખ્યા ________ છે.
2) કરોડસ્તંભના કુલ ___________ મણકા છે.
3) નાના અને મોટા આંતરડાની કુલ લંબાઈ આશરે ________ છે.
4) મગજનું વજન ________ છે.
5) શરીરમાં પાણીનું પ્રમાણ ________ ટકા છે.
6) પુખ્ત વ્યકિતમાં કુલ રકતનો જથ્થો __________ લીટર જેટલો હોય છે.

www.StudyGuideIndia.com

7) સ્ત્રીમાં માસિકચક્ર આશરે ________ ઉંમરથી શરૂ થઈને _____ ઉમર સુધી ચાલે છે.
8) સ્નાયુઓના મુખ્ય બે પ્રકાર _______ અને ________ છે.
9) કિડનીનો આકાર _________ જેવો હોય છે.
10) મૂત્રાશયમાં આશરે ________ મી.લી જેટલું મૂત્ર સમાય છે.
11) સ્ત્રી અંતઃસ્ત્રાવો ________ અને __________ છે.
12) જઠર અને નાના આંતરડા વચ્ચે __________ આવેલું છે.
13) કોષને ચયાપચયની ક્રિયા માટે ________ વાયુની જરૂર પડે છે.
14) ______ નો આકાર અંગ્રેજી 'સી' જેવો છે.
15) ટ્રેકીયા __________ શાખામાં વહેંચાય છે. તેને ________ કહેવાય.

પ્રશ્નઃ–5 વિધાન સાચું છે કે ખોટું જણાવો. ખોટું વિધાન સુધારીને લખો. (15)

1) નાના બાળકોનાં ફેફસાં લાલ રંગના હોય છે.
2) શ્વાસનલિકાના સૌથી છેલ્લાં પરપોટા જેવા ભાગને વાયુકોષ કહે છે.
3) સ્ત્રીના મૂત્રમાર્ગની લંબાઈ 6 સે.મી. હોય છે.
4) ઈન્વોલ્યુન્ટરી મસલ્સ સ્વતંત્ર રીતે પોતાની ઈચ્છાથી કામ કરે.
5) પેટમાં આવેલ ભાગને એઓર્ટા લોહી પહોંચાડે છે.
6) અંડપિંડમાં ઈસ્ટ્રોજન અને પ્રોજેસ્ટીરોન અંતઃસ્ત્રાવો બને છે.
7) હૃદયમાં પાંચ વાલ્વ આવેલા છે.
8) સાયનોવિયલ મેમ્બ્રેન સાંધાઓમાં હોય છે.
9) લીન્ગ્યુઅલ ધમની જીભમાંથી લોહી વહી જાય છે.
10) હૃદયમાં ડાબી બાજું આવેલા વાલ્વને ત્રિદલ વાલ્વ કહે છે.
11) સ્વાદુપિંડનું વજન લગભગ 90 ગ્રામ હોય છે.
12) ફેલોપિયન ટયૂબનું બ્લડ સપ્લાય યુટેરાઈન આર્ટરી દ્વારા થાય છે.
13) શરીરમાં કુલ 216 હાડકાંઓ આવેલા છે.
14) હૃદય છાતીમાં ડાબી બાજુએ 2 થી 6 પાંસળીઓ વચ્ચે આવેલું છે.
15) કંઠના મુખ આગળ એપીગ્લોટીસ આવેલું છે.

www.StudyGuideIndia.com